બલેશ્વરમાં બે બંધ મકાનનાં તાળાં તૂટ્યાં

કીમતી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ સહિત ઘરવખરીના સામાનની ચોરી

પલસાણાઃ પલસાણાના બલેશ્વર ગામની ગ્રીનલેન્ડ હાઉસિંગ સર્વિસ સોસાયટીમાં તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવીને મોટી ચોરી કરી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

તસ્કરોએ મકાનની પાછળના ભાગે આવેલી લોખંડની ગ્રીલ તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને કીમતી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ સહિત ઘરવખરીના સામાનની ચોરી કરીને ફરાર થઈ ગયા છે.

આ ઘટનાની વિગત મુજબ રાહુલભાઈ સંતોષભાઈ તિવારીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ ચોરી તા.9/5/2026ની રાત્રિના 10 વાગ્યાથી તા.10/5/2026ની સવારના 8:30 વાગ્યાના સમયગાળા દરમિયાન થઈ હતી. તસ્કરોએ સોસાયટીમાં આવેલા મકાન નં.87 અને મકાન નં.99ના પાછળના ભાગની ગ્રીલ તોડી હતી. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે તસ્કરો બંને ઘરમાંથી કુલ રૂ.41,500ની કિંમતનો મુદ્દામાલ ચોરી ગયા છે.

ચોરાયેલા સામાનમાં રૂ.30,000ની કિંમતનું TCL કંપનીનું 55 ઈંચનું ટેલિવિઝન, રૂ.5,000ની કિંમતનું યુવા ગો પ્રો કંપનીનું પ્રોજેક્ટર, પીઝારો અને JBL કંપનીના સ્પીકર્સ, પીજીયન કંપનીનું ઈન્ડક્શન કુકટોપ, નળ, ટેબલ ફેન અને અન્ય ઘરવખરીનો સમાવેશ થાય છે. આ મામલે પલસાણા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સપ્લેક્ટર સુરેશભાઈ દડુભાઈ ગોવાળીયા કરી રહ્યા છે.

ધોળીકુઈમાં મંડપ વિવાદ મુદ્દે 32 સામે એટ્રોસિટીનો ગુનો

લગ્નમંડપના વિવાદમાં રબારી સમાજના 32 સામે ગુનો નોંધાતાં ચકચાર

અનાવલઃ મહુવાના ધોળીકુઈ ગામમાં લગ્નના મંડપને લઈને રબારી અને આદિવાસી સમાજ વચ્ચે સર્જાયેલા વિવાદે હવે ગંભીર કાનૂની વળાંક લીધો છે. શરૂઆતમાં મંડપ તોડવાના મામલે આદિવાસી સમાજની મહિલાઓ સામે કાર્યવાહી કરનાર પોલીસે સમાજના આગેવાનોના વિરોધ બાદ આખરે રબારી સમાજના 32 લોકો વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તથા ધમકી આપવાના ગુનામાં ફરિયાદ નોંધતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ મહુવાના ધોળીકુઈ ગામના ગ્રાઉન્ડમાં લગ્નનો મંડપ બાંધવામાં આવ્યો હતો. આ મંડપ તોડી પાડવા બાબતે રબારી અને આદિવાસી સમાજના લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ વાતાવરણ તંગ બની ગયું હતું. મહુવા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો. શરૂઆતમાં પોલીસે મંડપ તોડી પાડવા બદલ આદિવાસી સમાજની 7 મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ આદિવાસી સમાજની મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે રબારી સમાજના યુવાનોએ તેમને જાહેરમાં જાતિવિષય ક અપશબ્દો કહી અપમાનિત કર્યા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ આપવા છતાં પોલીસે શરૂઆતમાં કોઈ પગલાં ન ભરતાં આદિવાસી સમાજના આગેવાનોમાં પોલીસ તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે સમાજ દ્વારા પોલીસ સ્ટેશન ઘેરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

જેમના વિરુદ્ધ ગુનો દાખલ થયો તે વ્યક્તિઓ

કિશોરભાઈ રબારી, માનસીંગ રબારી, મણીભાઈ રબારી, કિરણ ભા ઈ રબારી, જસ્ટીન રબારી, નિકુંજભાઈ રબારી, અનુજભા ઈ રબારી, જનકભાઈ રબારીનાં પત્ની, માલુભાઈ રબારી, અંજુબેન રબારી, ડેનીસભાઈ સુચલ, ભીખુભાઈ રબારી, જેનીશ ભાઈ રબારી, પીચૂષભાઈ રબારી, સ્મીતભાઈ રબારી, પ્રતીકભાઈ રબારી, તુષારભાઈ રબારી, પાર્વતીબેન રબારી, બળદેવ રબારી, હેમંતભાઈ રબારી, દિવ્યેશભાઈ રબારી, ઉમેશભાઇ દેસાઈ, ભાવેશભાઇ રબારી, ઉમેશભાઈની પત્ની, જલ રબારી, જગુભાઇ રબારીની પત્ની, નીલકુમાર રબારી, કલુબેન રબારી, હેતલબેન રબારી, દિયાબેન રબારી, પ્રાચીબેન સુચલ, હિરાલીબેન રબારી

સમાજની ચીમકી અને વધતા દબાણ બાદ આખરે એક સપ્તાહ પ છી મહુવા પોલીસે ગામની મ હિલા બિનલબેન પટેલની ફ રિયાદના આધારે પોલીસે ધોળીકુઈ ગામના રબારી સમાજના 32 વ્યક્તિ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધ્યો છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં લોકો સામે ગુનો નોંધાતાં સમગ્ર પંથકમાં ચકચાર મ ચી ગઈ છે. હાલમાં પોલીસે ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે અને આ મામલે ઊંડી તપાસ શરૂ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજીનું ગૌરવ

ભરૂચ: વટારિયામાં આવેલ UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા સંચાલિત ઉનાળુ સત્ર-2026ની પરીક્ષાનાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં છે. બી.ઈ. અને એમ.એસસીના વિવિધ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. બી.ઈ. સેમેસ્ટર-8ની પરીક્ષામાં કુલ 112 વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જેમાંથી 108 વિદ્યાર્થી સફળ રહ્યા છે. યુનિવર્સિટીએ 96.43%નું કુલ પરિણામ મેળવ્યું છે. ખાસ વાત એ છે કે 93 વિદ્યાર્થીએ SPI 8.5થી વધુ મેળવ્યો છે, જ્યારે 2 વિદ્યાર્થીએ પૂર્ણ 10.00 SPI હાંસલ કરી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પ્રોગ્રામવાઇઝ ટોપર્સની વાત કરીએ તો, કેમિકલ એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થિની પ્રજાપતિ કેયા અમિતકુમાર અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થિની મિસ્ત્રી સલોણી વિપુલભાઈએ 10.00 SPI સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. ત્યારબાદ કેમિકલ ટેક્નોલોજીમાં પ્રીતિ બડગુજર, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ચૌહાણ આર્યન, એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગમાં ગિરચ ભાવિકા અને મિકેનિકલ એન્જિનિયરિંગમાં પટેલ દેવાંશે અનુક્રમે 9.84થી 9.21 SPI સાથે પોતાના વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમ.એસસી. (રેગ્યુલર) સેમેસ્ટર-4માં કુલ 52 વિદ્યાર્થી પૈકી તમામ સફળ રહ્યા હતા, જેનાથી 100% પરિણામ મેળવ્યું છે. આ વિભાગમાં સાક્ષી દુર્ગાપ્રસાદ સિંહે 10.00 SPI મેળવી ટોચનું સ્થાન મેળવ્યું છે. એમ.એસસી. (ઇવનિંગ) સેમેસ્ટર-4નું પણ 100% પરિણામ રહ્યું છે, જ્યાં બધા જ 22 વિદ્યાર્થી સફળ થયા છે. સુજનીવાલા અનામબાનુ મોહમ્મદે આ વિભાગમાં 10.00 SPI હાંસલ કરી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. યુનિવર્સિટીના કુલપતિ, ડીન, પ્રાધ્યાપકગણ અને સ્ટાફ સભ્યોએ તમામ સફળ વિદ્યાર્થીઓને આવકારીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી છે.

તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગ સહિત જિલ્લાના 3 IASની બદલી

વ્યારા: રાજ્યમાં IAS અધિકારીઓની સાગમટે બદલી કરવામાં આવી છે. ત્યારે તાપીમાં પણ કલેક્ટર ડો.વિપિન ગર્ગ સહિત જિલ્લાના 3 IAS અધિકારીની બદલી કરવામાં આવી છે. તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન ગાંધીનગર ખાતે મેનેજિંગ ડિરેક્ટર તરીકે તેમજ સોનગઢ પ્રયોજના વહીવટદાર જયંતસિંગ રાઠોડની જૂનાગઢ ખાતે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટમાં અને નિઝરના આસિસ્ટન્ટ કલેક્ટર ઓમકાર રાજેન્દ્ર સિંઘેની છોટા ઉદેપુર ખાતે TASP કચેરીમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તાપી જિલ્લામાં હવે નવસારી મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરીને કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજપીપળામાં મનસ્વી MRP સામે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત મેદાને

દીપલ સોની

રાજપીપળા: રાજપીપળા ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત (ABGP) દ્વારા ગ્રાહક હિતોના રક્ષણ માટે મહત્ત્વપૂર્ણ આવેદન આપવામાં આવ્યું હતું. 53 વર્ષથી કાર્યરત આ સંસ્થાએ ખાસ કરીને નબળી MRP (મહત્તમ છૂટક કિંમત) સિસ્ટમ સામે લાલ આંખ કરી છે. ABGP મુજબ હાલમાં MRP નક્કી કરવા માટે કોઈ મર્યાદા ન હોવાથી ઉત્પાદકો અને વેપારીઓ મનસ્વી રીતે કિંમતો છાપે છે, જે ગ્રાહક સુરક્ષાને બદલે માર્કેટિંગનું સાધન બની ગયું છે. આ જટિલ સમસ્યા અંગે જનજાગૃતિ લાવવા મે માસ દરમિયાન દેશવ્યાપી કાર્યક્રમો અને મે 2026ના અંતિમ સપ્તાહમાં દિલ્હીમાં મોટા જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ પ્રસંગે પ્રવીણસિંહ ગોહિલ (ગુજરાત પ્રાંત કારોબારી સભ્ય), સુજલભાઈ મિસ્ત્રી (પ્રમુખ), અને નીતિનભાઈ ભાવસાર (નર્મદા જિલ્લા મહામંત્રી) સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાએ વહીવટી તંત્ર પાસે પારદર્શક ભાવ નિર્ધારણ અને કડક અમલીકરણની માંગ કરી છે.

નર્મદા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસની ઉજવણી કરવામાં આવી

દીપલ સોની

રાજપીપળા: નર્મદા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસની ઉજવણી વિવિધ આરોગ્ય સંસ્થાઓ ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી. સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ગરૂડેશ્વર અને ડેડિયાપાડા તેમજ જીએમઈઆરએસ હોસ્પિટલ, રાજપીપળા અને નર્સિંગ સ્કૂલ, જીતનગર ખાતે નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો અને આયોજનો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન નર્સિંગ સંવર્ગના કર્મચારીઓ ચારુલતાબેન, કપિલાબેન, ધર્મિષ્ઠાબેન અને સોનલબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

માંડવીમાં આદિવાસી ખેડૂતોને આધુનિક કૃષિ સાધનોનું વિતરણ

હિરેન પટેલ

માંડવી: ટ્રાઇબલ સબ પ્લાન કચેરી, માંડવી દ્વારા જંગલની જમીન ખેડતા અને જરૂરિયાતમંદ આદિવાસી ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે આજે કૃષિ સાધનોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખેડૂતોને ખેતીકામમાં ઉપયોગી એવા પાવર વિડર અને ઘાસ કટિંગ માટેના બ્રશ કટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કુંવરજીભાઈ હળપતિના હસ્તે સંપન્ન થયો હતો. આ વેળાએ જિલ્લા પંચાયત સભ્ય નિરવભાઈ લાડ, માજી તાલુકા પંચાયત પ્રમુખ દિલીપભાઈ ચૌધરી તથા શંકરભાઈ ચૌધરી, છનાભાઈ વસાવા સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેડૂતોને આધુનિક ટેક્નોલોજી અપનાવી ખેતીને વધુ નફાકારક બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, સરકારની આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી ખેડૂતોને આધુનિક ખેતી તરફ વાળવાનો છે. આ સાધનોના ઉપયોગથી ખેતીના શ્રમ અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે, જેનાથી ખેડૂતોની આવક વધશે અને તેઓ આર્થિક રીતે સદ્ધર બનશે. વક્તાઓએ વધુમાં ઉમેર્યું હતું કે, ભાજપ સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને ખેડૂતોના સશક્તિકરણ માટે કટિબદ્ધ છે. આ યોજનાથી સ્થાનિક આદિવાસી ખેડૂતોમાં આનંદની લહેર જોવા મળી હતી.

અંકલેશ્વર નજીક ચરસ અને ગાંજા સાથે બેની અટકાયત

CID ક્રાઇમ ગાંધીનગરની એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સની કાર્યવાહી, 1.37 લાખની મતા કબજે

પ્રવીણ તરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરમાં માદક પદાર્થોના ગેરકાયદે વેપાર સામે સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગરની એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સે અંસાર માર્કેટ નજીક નેશનલ હાઇવે પર આવેલા વર્કિંગ ફ્લાયઓવર પાસેથી ચરસ અને ગાંજાના જથ્થા સાથે બે ઈસમને ઝડપી પાડ્યા હતા, જ્યારે એક આરોપી પોલીસને ચકમો આપી ફરાર થતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગરની એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સની ટીમ ભરૂચ જિલ્લામાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે કેટલાક ઈસમો બાઇક મારફતે ગાંજો, ચરસ તેમજ અન્ય માદક પદાર્થોનું વેચાણ અને સપ્લાય કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે અંકલેશ્વર નેશનલ હાઇવે ઉપર અંસાર માર્કેટ નજીકના ફ્લાયઓવર વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન વાલિયા ચોકડી તરફથી એક બાઇક પર ત્રણ ઈસમ આગળ બેગ રાખી શંકાસ્પદ હાલતમાં આવતા દેખાયા હતા. પોલીસ દ્વારા તેમને અટકાવવાનો પ્રયાસ કરતાં ત્રણ પૈકી એક ઈસમ બાઇક પરથી કૂદી ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી માંગરોળ તાલુકાના કોઠવા ગામના તૌસિફ મુસ્તાક શેખ અને મહેન્દ્ર મુકેશ વસાવાને ઝડપી પાડ્યા હતા. તેમની પાસે કરવામાં આવેલી તપાસ દરમિયાન અંદાજે રૂ. 48 હજારથી વધુ કિંમતનો 973 ગ્રામ ગાંજો તથા રૂ.48,700 કિંમતનો 195 ગ્રામ ચરસ મળી આવ્યો હતો. આ ઉપરાંત પોલીસે એક બાઇક અને બે મોબાઇલ ફોન સહિત કુલ રૂ.1,37,000 જેટલો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં ફરાર થયેલા આરોપી માંગરોળના ભાટકોલ ગામના સુવેજ ગુલામ શેખ હોવાનુ સામે આવ્યું હતું, જેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે.

ટંકારિયા પાસે વાન અને રિક્ષા અથડાતાં વૃદ્ધનું મોત, 4 ઘાયલ

ભરૂચઃ ટંકારિયા-કંબોલી માર્ગ પર બુધવારે સવારે અકસ્માત સર્જાયો હતો. મારુતિ વાન અને રિક્ષા વચ્ચે થયેલી સીધી ટક્કરમાં 63 વર્ષીય ઈસમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે 4 જણા ગંભીર રીતે ઘવાયા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે રિક્ષાનો ભૂક્કો થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાંની સાથે જ સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. 108 એમ્બ્યુલન્સ સેવા પણ તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા. જેમાં ઈબ્રાહીમ મહમદ શેરપુરાવાલા (ઉ.વ.63, રહે., દયાદરા)નું મોત નીપજ્યું હતું. અકસ્માતના સમાચાર મળતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસે બંને વાહનોને કબજે કરીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ ગંભીર અકસ્માતને કારણે ટંકારીયા-કંબોલી રોડ પર લગભગ અડધા કલાક સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

બાદમાં પોલીસે માર્ગ પરથી વાહનો ખસેડતા ટ્રાફિક સામાન્ય થયો હતો. મૃતકના પરિવારમાં શોકની લહેર ફરી વળી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલી સરદાર બાગાયત મંડળ સભાસદોને ૧૨ ટકા ડિવિડન્ડ ચૂકવશે

બારડોલીઃ બારડોલીની પ્રતિષ્ઠિત સ રદાર બાગાયત સહકારી મં ડળી લિ.ની ૮૦મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખના અધ્યક્ષ સ્થાને ઉત્સાહભેર યોજાઈ હતી. આ સભામાં સંસ્થાના સભાસદોના આર્થિક હિતમાં અનેક મહત્ત્વના નિર્ણયો સાથે ડિવિડન્ડ અને ભાવવધારાની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ સંજય ઠાકોરભાઈ પટેલે વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો રજૂ કરતા જણાવ્યું હતું કે, સંસ્થાએ આ વર્ષે કુલ રૂ.૨૪,૧૫,૬૨,૬૯૪નો વિક્રમી વેપાર કર્યો છે. સંસ્થાએ આ સમયગાળા દરમિયાન રૂ.૧,૬૩,૭૩૮ જેટલો ચોખ્ખો નફો હાંસલ કર્યો છે, જેના આધારે કારોબારી સમિતિએ સભાસદોને ૧૨ ટકા ડિવિડન્ડ આપવાનો નિર્ણય કર્યો છે. કેળાંની ખેતી કરતા સભાસદો માટે આ વર્ષ ફળદાયી રહ્યું છે. સંસ્થાએ વર્ષ દરમિયાન ૪,૧૭,૬૧૦ મણ કેળાનું વેચાણ કર્યું હતું. આ વખતે સભાસદોને ૨૦ કિલોના સરેરાશ રૂ.૩૦૩ મળ્યા છે, જે ગત વર્ષના રૂ.૨૨૪ની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે. વધુમાં, કાર્યવાહક સમિતિએ કેળા પર ૨ ટકા ભાવ વધારો આપવાની પણ જાહેરાત કરી છે. ખેડૂતોના ખેતી ખર્ચમાં ઘટાડો કરવાના હેતુથી મંડળ દ્વારા ખાસ જોગવાઈ કરવામાં આવી છે, જેમાં રાસાયણિક ખાતરની ખરીદી પર ૬ ટકા વળતર અને મિક્સ ખાતરની ખરીદી પર ૩ ટકા વળતરનો સમાવેશ થાય છે. પ્રમુખ સંજય પટેલે આ સફળતાનો શ્રેય તમામ ડિરેક્ટરો, કર્મચારીઓ અને સહકારી બેંકોના સાથ-સહકારને આપ્યો હતો.

મોબાઈલ નંબર માંગી સગીરાની પજવણી, 4 સામે ગુનો દાખલ

કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસની આરોપી હેમંત પાટીલ સહિત ચાર શખ્સો સામે કાર્યવાહી

પલસાણાઃ ચલથાણ વિસ્તારમાં આવેલા લક્ષ્મીનગરના સાઈકૃપા એપાર્ટમેન્ટ પાસે એક સગીરાની છેડતી અને તેના પરિવારજનો પર હુમલો કરવાની ઘટના સામે આવી છે. આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદની વિગત મુજબ મુખ્ય આરોપી હેમંત શાલીગ્રામ પાટીલ છેલ્લા બે મહિનાથી સગીરાની પાછળ પડી ગયો હતો. હેમંતે સગીરા પાસે મોબાઈલ નંબરની માંગણી કરી હતી, પરંતુ સગીરાએ નંબર ન આપતાં તેણે એક ચિઠ્ઠીમાં પોતાનો મોબાઈલ નંબર લખીને આપ્યો હતો અને તેના પર ફોન કરવા દબાણ કર્યું હતું. સગીરાએ આ ચિઠ્ઠી ફાડી નાંખી હોવા છતાં, હેમંત અવારનવાર રસ્તામાં રોકી તેને ફોન કરવા માટે સતત દબાણ કરી હેરાન પરેશાન કરતો હતો.

આ હેરાનગતિ બાબતે મનદુ:ખ રાખી ગઈકાલે રાત્રે આશરે નવેક વાગ્યાના સુમારે હેમંત તેના ભાઈઓ અને સાથીદારો સાથે સગીરાના ઘરે પહોંચ્યો હતો. ત્યાં આરોપીઓએ એકસંપ થઈ સગીરાના પિતા અને તેમના મિત્ર સાથે બોલાચાલી કરી હતી અને તેઓને ગડદાપાટુનો માર માર્યો હતો. આ હોબાળો મચતાં આસપાસના પડોશીઓ દોડી આવ્યા હતા અને વચ્ચે પડી ઝઘડો શાંત કરાવ્યો હતો.

આ મામલે સગીરાની માતાએ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે હેમંત શાલીગ્રામ પાટીલ, સની વાસુદેવભાઈ પાટીલ, સંદીપ બાલુભાઇ પાટીલ અને રોહિત ઉર્ફે બાડા બાલુભાઇ પાટીલ (તમામ રહે.,લક્ષ્મીનગર, ચલથાણ) સામે ગુનો દાખલ કર્યો છે.

હરિપુરા ગામે ટીબીની બીમારીથી કંટાળી યુવકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણાઃ પલસાણાના હરિપુરા ગામના નવા હળપતિવાસ ફળિયામાં રહેતા લાલુભાઈ ઉર્ફે જનેશ છનાભાઈ હળપતિ (ઉ.વ.૩૮) છેલ્લા છ મહિનાથી ટી.બી. (ક્ષય)ની ગંભીર બીમારીથી પીડાતા હતા. લાંબી બીમારીના કારણે તેઓ માનસિક રીતે કંટાળી ગયા હતા. તા. ૧૧/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિએ પરિવારજનો હાજર હતા ત્યારે લાલુભાઈએ ઘરના વાડામાં આવેલા ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. મૃતકની પત્ની હિનાબેન હળપતિએ પોલીસને જાણ કરતા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરગામા-દયાદરા રોડ પર ફરી દીપડો દેખાયો

ભરૂચઃ વાગરાના અરગામા-દયાદરા માર્ગ પર દીપડો દેખાતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો છે. દીપડાના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ લોકોમાં ફફડાટ ફેલાયો છે. એક જાગૃત નાગરિકે તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. નોંધનીય છે કે, અગાઉ પણ આ વિસ્તારમાં દીપડાના વિડીયો વાયરલ થયા હતા અને તેને પકડવા પાંજરું મૂકવામાં આવ્યું હતું, પરંતુ દીપડો હાથ તાળી આપી ગયો હતો. હવે ફરી એકવાર દીપડાની સક્રિયતા વધતા વન વિભાગ સતર્ક થયું છે. અધિકારીઓએ આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો અને ખેતરે જતાં ખેડૂતોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરી છે. વનવિભાગની ટીમ દીપડાની શોધખોળ અને ટ્રેકિંગમાં જોડાઈ ગઈ છે.

વાલિયામાં બે મહિલાનો નણંદ પર કોયતાથી હુમલો

ભરૂચઃ વાલિયાના ઉમરગામમાં એક પારિવારિક ઝઘડામાં મહિલાએ તેની નણંદ સામે કોયતા વડે હુમલો કરી ઈજા પહોંચાડવાનો બનાવ બન્યો છે.

ઉમરગામના અશોકભાઈ સોમાભાઈ વેચાણભાઈએ વાલિયા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે કે, ગત તા.11/5/2026ના રોજ સાંજે પાંચેક વાગે તેઓ તેના મોટા ભાઈ નિલેશ અને માતા સોમીબેન ઘરના ઓટલા પર બેઠાં હતાં.

અશોકભાઈ તેના ભાઈને સમજાવતો હતો કે તું કેમ કામધંધો કરતો નથી. ત્યારે તેની ભાભી સુમિત્રાબેન ઉશ્કેરાઈને ગાળો આપવા માંડ્યાં હતાં. દરમિયાન નજીકમાં રહેતાં નયનાબેન સંજયભાઈ વસાવાની ત્યાં આવી પહોંચ્યાં અને કહ્યું, "તું કેમ દર વખતે સુમિત્રા સાથે ઝઘડો કરે છે?" ત્યારબાદ તેમણે પોતાના હાથમાં રહેલા કોયતા વડે અશોક વસાવાના ડાબા કાનના ભાગે ઘા કર્યો, જેમાં ચામડી ફાટી જતાં લોહી નીકળવા લાગ્યું હતું.

જેને લઈ વચ્ચે પડતા મારામારીમાંથી બચાવ્યો હતો. ઈજા થતાં વાલિયા ખાતે લઇ જતાં કાને ટાંકા આવ્યા હતા. જે બાબતે હુમલો કરનાર બે મહિલા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

પરીઆમાં કોપર વાયર્સની ચોરી

સાયણઃ મૂળ ભાવનગરના વલભીપુર તાલુકાનો વતની આર્યન ઘનશ્યામભાઈ જાદવાણી (ઉ.વ.૨૬) હાલમાં સુરતના કતારગામ વિસ્તારમાં ગોપીન બંગ્લોઝમાં રહે છે. આર્યનનું ઓલપાડના પરીઆ ગામની સીમમાં અંજની ટેક્સટાઈલ પાર્ક-૨ માં માર્કલોન ટેક્સ ઈન નામની કંપની આવેલી છે. ગત તા.૦૨ ના રોજ રાત્રિના સુમારે કોઈ અજાણ્યા ચોરટાઓ આ કંપનીની બારીમાંથી પ્રવેશ કરી કંપનીમાં મુકેલા પી.પી. સ્પનબોન્ડ નોન વોન ફેબ્રિક નામના મશીનમાં લગાડેલ ૨૫,૩૫,૭૦ અને ૧૨૦ એમ.એમ. વાળા અલગ- અલગ સાઈઝના ૭૦ મીટર લંબાઈના કોપર વાયર, જેની કિંમત રૂ.૧.૩૫ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતની જાણ થતાં આર્યન જાદવાણીએ ગત તા.૧૨ ના રોજ અજાણ્યા ચોર વિરુદ્ધ ઓલપાડ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કલી મકવાણા ગામમાં ખાડીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જવાથી મોત

રાજપીપળા :ચિકદા તાલુકાના વળી વાવ ગામના નિશાળ ફળિયામાં રહેતા કલ્પેશભાઈ કનુભાઈ વસાવા (ઉ.વ.૩૬) છેલ્લા બે-ત્રણ વર્ષથી ખેંચની બીમારીથી પીડાતા હતા. ગરમીથી રાહત મેળવવા માટે તેઓ કલી મકવાણા ગામની સીમમાં ખાડીમાં નાહવા ગયા હતા. નાહતી વખતે અચાનક ખેંચ આવતાં તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. યુવકને પાણીમાંથી બહાર કાઢતા તે મૃત હાલતમાં મળી આવ્યો હતો.